

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કોઈ વિદેશી પીઠ થાબડી જાય, અહીં આવી ને -*
*ને કોઈ 'નંબર' દઈ જાય, અહીં આવીને,*
*હવા ભરી ચગાવી જાય આકાશે, આ પતંગને -*
*ખાઈ-'પી'-ખદોળી, માણી જાય, અહીં આવીને...*
*(આઠ વિદેશી મહેમાનો)*

હાઈકુ

*બને છે અહીં,*
*થવા, ન થવાનું જ.*
*પહેલીવાર...*
*(બધાંમાં 'નંબર વન' રાષ્ટ્ર)*

*કર્યા ખેલ અહીં,*
*હવે શરૂ કર્યું છે -*
*ખેલો ભારત...*
*(ગુજરાત મોડેલ)*

### ચિંતન

*માલા તિલક બનાયકે, ધર્મ વિચારા નાહિ,*
*માલા બિચારી કયા કરે, મેલ રહા મન માંહિ.*

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

નિરંજન ઈશ્વર સ્મરણ અને ભક્તિ કરવાવાળો મોક્ષ ગતિને પામે છે, આ કબીરની શીખનો જીવનમાં અમલ કરીએ. અને એ માટે રોજ હાથમાં માળા લઈ ફેરવીએ. કપાળમાં તિલક વગેરે કરી મંદિરમાં દેવદર્શન કરવા અને સત્સંગ કરવા જઈએ પણ ચંચળ મનને બે ઘડી પણ સ્થિર ન રાખી શકીએ. મનમાંથી મેલ અને કપટ દૂર ન કરીએ તો માળા ફેરવવાનો કે દેવદર્શન જવાનો અર્થ શો ?

કબીર કહે છે કે ખરો ધર્મ શું છે તે સમજીને તેનું આચરણ કરી જીવન સાર્થક કરવું જોઈએ.

### સુવિચાર

- જે ઘરે સ્વીટ થાળીમાં નહિ કાનમાં પિરસાદ તે 'સ્વીટ હોમ' - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રહારો કરનારો નહિ, સહારો આપનારો સ્વજન કહેવાય - **મોરારિ બાપુ**
- સ્વ આત્મા ને ઓળખી લે, સ્વભાવને સુધારી લે, સવચ્છંદતાને છોડી દે, સ્વજનોને સાચવી લે, સ્વાર્થ ભાવને ત્યજી દે - **અમૃતબિંદુ**
- જયાં સાવરણો પહોંચતો નથી, ત્યાં કચરો આપમેળે અદશ્ય થનાર નથી - **શ્રીલંક કહેવત**
- જયારે હૃદય અને વાણી એક થઈ પોતાની પાત્રતા પ્રમાણે કોઈ વસ્તુની માંગણી કરે છે, ત્યારે તુરંત એનો જવાબ મળે છે - **પ્રાર્થનાસૂત્ર**
- મુશ્કેલી હઠીલી હોય, તે કરતાં આપણે વધારે હઠીલા થવાનું છે, એ સિવાય બીજો કોઈ માર્ગ નથી - **શાહબુદ્દીન રાઠોડ**
- આજનું ઔષધ : લીંબુ છાલનો પાઉડર છાણા પર ભભરાવી ધૂણી કરવાથી મચ્છર ભાગી જાય છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

પોતાના કામને જ સફળતાપૂર્વક પૂરું કરવું એટલે જ પૂરુતું નથી, પરંતુ પોતાની ભૂમિકાને ન્યાય આપી બીજાને પણ સાથે યશભાગી બનાવીને પોતાનો વિકાસ સાધી શકાય છે.

જનરલ મોટર્સના સ્થાપક વીલીયમ દુરાન્ત એક મોડી સાંજે બેંકમાં પહોંચ્યો. કામના કલાકો પૂરા થઈ ગયા હોવાથી મોટાભાગના બેંક કર્મચારીઓ છૂટી ગયા હતા. જે એકાદ બે હતા એમણે કહી દીધું કે બેંકના કલાકો પૂરા થઈ ગયા હોવાથી કાલે આવજો. વીલીયમની નજર એક યુવાન છોકરા પર પડી જે હજી કામ કરી રહ્યો હતો. એ કેરોલ ડાઉન્સ નામના યુવાને રોકાઈને વીલીયમનું કામ કરી આપ્યું.

બીજા દિવસે ડાઉન્સને વિલિયમે પોતાની ઑફિસમાં બોલાવ્યો અને સારો પગાર અને ઊંચી પોસ્ટ આપી કહ્યું. 'આપણી કંપનીનો નવો પ્લાન્ટ ઊભો કરવાનો છે એના સૌ મશીનરી અને પ્લાન્ટની સમગ્ર જવાબદારી હું તમને સોંપું છું.' બેંકર યુવાન ડાઉન્સ જોતજોતામાં પ્લાન્ટ, મશીનરીનો પણ એક્સપર્ટ થઈ ગયો. અને સફળતાપૂર્વક નવો પ્લાન્ટ સમયસર ચાલુ કરી બતાવ્યો.

કામ પુરું થયું ત્યારે દુરાન્તે એ ડાઉન્સને પૂછ્યું 'મશીન અને આ પ્લાન્ટનું ઈન્સ્ટોલેશનનું જ્ઞાન તમે કયાં અને કયારે મેળવ્યું?' ડાઉન્સ કહે, 'હું કયાંક શીખવા ગયો નહોતો. મેં તો ફક્ત એવા માણશો શોધી કાઢ્યા કે જેઓ આવું કામ સારી રીતે કરી શકે. મેં એમને સંપૂર્ણ વિશ્વાસમાં લીધા, કામે લગાડ્યા, અને કામ પુરું કર્યું.'

આ સાંભળી વિલિયમે એને પ્રમોશન આપી એ નવા પ્લાન્ટનો હેડ બનાવી દીધો અને સાથે પગાર દોઢો કરી દીધો.

# મહેબૂબાનો વ્યૂહાત્મક યુ-ટર્ન

**તંત્રીસ્થાનેથી...**

જમ્મુ અને કાશ્મીરમાં મુખ્યમંત્રી મહેબૂબા મુફતીને હવે મોડે મોડે એમના રાજયની ગ્રાઉન્ડ રિયાલીટીનો અહેસાસ થવા લાગ્યો છે. અગાઉ એમણે ભારતીય સેનાને અપાયેલ વિશેષાધિકાર - 'એફસ્પા' સંદર્ભે નારાજગી વ્યક્ત કરી હતી અને ખીણ પ્રદેશમાંથી સેના હટાવી દેવાની ડાબેરીઓ તથા અલગતાવાદીઓની માગણીમાં સૂર પુરાવતાં રહ્યાં હતા. એની પાછળ અલબત્ત ખીણમાં પોતાની પાર્ટીનું વજૂદ ટકાવી રાખવાનો જ આશય હતો. પાકિસ્તાન તરફી અલગતાવાદી વલણ અપનાવતાં રહ્યાં છે. ખીણમાં પાકિસ્તાનના ચાંદ તારા વાળા લીલા ઝંડા છાશવારે ફરકાવાય છે અને એની સામે આઉ તો થોડો ઘણો વિરોધ પણ દર્શાવાયો હતો પણ ભાજપ સાથેની ગઠબંધન વાળી મહેબૂબા સરકાર આવ્યા પછી એ મુદ્દે 'સબ સે બડી ચૂપ' વાળી કૂટનીતિ અપનાવાઈ છે, જેને કેન્દ્રનું પણ છૂપું સમર્થન હોય તો નવાઈ નહીં. આખરે ભાજપ માટે જમ્મુ અને કાશ્મીરમાં પગપેસરારો કરવાની તક જ મહેબૂબા મુફતીની પીડીપી દ્વારા શક્ય બની હતી, એની કિંમત પણ ચૂકવતી જ રહી. પરંતુ 'ગુજરાત લેતા હવેલી ખોઈ' વાળી ઘટનાનું પુનરાવર્તન થઆય એવી વિકટ સ્થિતિમાં મુકાઈ ગયેલ ભાજપ માટે સૈનિકો ઉપર થતા પથ્થરમારાના બનાવો અને કાશ્મીર નીતિમાં મોદી સરકારને સાંપડેલી કૂટનીતિક નિષ્ફળતાનો છાવરવા માટે યેનકેન પ્રકારે મહેબૂબાને સમજાવી દેવાયાં છે કે પથ્થરબાજી કરનારા યુવાનોને માફ કરવા જતાં દેશમાં બહુ જ ખોટો સંદેશ ન જાય એવું નિવેદન કરવું પડશે. મહેબૂબાને પથ્થરબાજીમાં પકડાયેલા યુવાનો સામેના તમામ ગુના માફ કર્યા તે કેન્દ્રની એનઆઈએના રિપોર્ટથી તદન વિપરિત બાબત છે. પથ્થરબાજી પાછળ પાકિસ્તાનનો સ્પષ્ટ હાથ છે અને તેણે ખીણમાં એક ઉદ્યોગનું સ્વરુપ ધારણ કરી દીધું છે. આમ છતાં એવા યુવાનોને માફ કરી સેનાનું મનોબળ તોડવાનો નિર્ણય થાય તે યોગ્ય નહોતું. પણ મહેબૂબા મુફતી માટે તો કાશ્મીરી યુવાનોના સહયોગ વગર સત્તા પર ટકી રહેવું જ અઘરું છે. તેથી એમણે એક તરફ પથ્થરબાજી કરનારા ધંધાદારી યુવાનોને દોષમુક્ત ગણી બધા કેસો પાછા ખેંચી લીધા અને બીજી તરફ વિધાનસભા ગૃહમાં કાશ્મીરને ભારતનો અભિન્ન હિસ્સો ગણાવી એની શાંતિને પ્રસ્થાપિત કરવા માટે સતત બલિદાનો આપતી રહેલી સેનાને હટાવવાની કે 'એફસ્પા' દૂર કરવાની માગણી સદંતર ફગાવી દઈ એમણે અગાઉના વલણમાં સીધો જ 'યુ ટર્ન' લઈ બધાંને આશ્ચર્યમાં મૂકી દીધાં છે. બનવાજોગ કે એ જ મહેબૂબા આગામી દિવસોમાં મોદી સરકારને અનુકૂળ આવે એવા ૩૫-એ કે ૩૭૦ જેવી કલમોના સુધારા પણ સ્વીકારી લઈ પોતાનું રાષ્ટ્રીય વજૂદ ઊભું કરે. રાજકારણ તો હંમેશા શક્યતાઓની જ રમત ગણાતી રહી છે.

# એન. આર. આઈ. સાથે લગ્ન કરતા પહેલા યુવકની કાયદાકીય માહિતી મેળવવી જોઈએ

> એક પત્ની વિદેશમાં હોવા છતાં તે સત્ય હક્કિત છુપાવી ભારતમાં આવી ખોટી હક્કિત જણાવી લગ્ન કરવા એ ગુન્હો છે આ માટે યુવક તથા તેના પરિવારને સજા થઈ શકે છે.



**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

હજુ પણ સમાજમાં એન.આર.આઈ. મુરતીયાની ડિમાન્ડ ખુબ જ છે. પરદેશમાં વસવા સેવેલા સ્વપ્ના સચોટ કરવા માટે એન.આર.આઈ. મુરતીયા સાથે યુવતીના વાલીઓ દ્વારા કોઈપણ પ્રકારની યુવકની કાયદેસરતાની, તેના જોબ સ્ટેટસની, વિઝાની તેમજ કાયમી વસવાટની તપાસ કર્યા સીવાય ખુબ જ ઉતાવળમાં દિકરીને પરદેશમાં મોકલી સમાજમાં રૂઆબ બતાવવાની જાણે કે હોડ લાગી છે એક યુવક લગ્ન કરવા વિદેશથી ટૂંકા ગાળા માટે ભારત આવી મેટ્રોમોનીયલ સાઈડ કે છાપામાં જાહેર ખબર આપી યુવકતીઓનો ઈન્ટરવ્યુ રાખે છે જાણે કે પોતે કોઈ સ્ટેટનો રાજા હોય તેવો રૂઆબ બતાવી જોબ માં રજાઓ નથી તેવું બહાનું હાથ ધરી ફટાફટ લગ્ન આટોપવા માટે યુવતીના વાલી ઉપર દબાણ કરે છે યુવતીના વાલીઓ પણ પોતાની દિકરીએ પરદેશમાં પરણાવવાની લાલચમાં પોતાની દિકરી ત્યાં રાજ પાટ મેળવશે તેવી આશાએ ઝટપટ લગ્ન કરાવવા તૈયાર થઈ જાય છે અને આપણે ના પાડીશું તો બીજી યુવતી ફાવી જશે તેવા ઈર્ષાભાવે પરદેશી યુવક કે તેના પરિવારની ત્યાંની કાયદેસરતાની ચકાસણી કર્યા સીવાય મોટું દહેજ આપી દિકરીને સારૂ એવું કરીયાવર કરી ગજા બહારના ખર્ચા પરદેશ મોકલવાની લાલચે કરે છે અને પાછળથી પસ્તાય છે લગ્નએ પવિત્ર ભાગીદારી છે તથા હિન્દુ લગ્ન એ એક સંસ્કાર છે એ ભુલી જાય છે.

ઘણા બધા કેસમાં તો યુવકને ત્યાં એક પહેલાથી જ વિદેશી પત્ની હોય જ છે. ભારતીય યુવતીને કામવાળી બનાવવા માટે શોષણ કરવાના ઈરાદાથી જ લગ્ન કરે છે તેમજ ભારતમાં વસતા માતાપિતાને વિદેશી યુવતીની (પત્ની)ની ગંધ સુધ્ધા આવવા દેતા નથી દબાણમાં લગ્ન કરી યુવતીને વિદેશ લઈ જઈ ગોંધી રાખી નોકરડી કરતા બત્તર વર્તન તેની સાથે કરે છે માઝુડ કરી પાસપોર્ટ તથા વિઝા પડાવી લે છે તેને કોઈને ફોનકોલ કરવા દેવામાં આવતા નથી. યુવતી માંડ માંડ પોતે ત્યાંની પોલીસને જાણ કરી પાસપોર્ટ પરત મેળવી માંડ માંડ ભારત પરત ફરે છે. વિદેશોમાં લગ્ન તથા છૂટાછેડા અંગેના કાયદાઓ એકદમ સરળ હોય પરાણે પત્નીને સાથે ના રાખે અને યુવતી ભારત આવ્યા બાદ ત્યાં એકતરફી છૂટાછેડા મેળવી લઈ એક નવા પંખીની શોધમાં લાગી જાય છે.

એક પત્ની વિદેશમાં હોવા છતાં તે સત્ય હક્કિત છુપાવી ભારતમાં આવી ખોટી હક્કિત જણાવી લગ્ન કરવા એ ગુન્હો છે. આ માટે યુવક તથા તેના પરિવારને સજા થઈ શકે છે માત્ર સતર્કતા અને જાગૃતતાની જરૂર છે તથા લોભ લાલચમાં મુકાયા સીવાય યુવકના તથા તેના પરિવારના વિદેશી સ્ટેટસની માહિતી મંગાવી પૂરતી તપાસ કર્યા બાદ એન.આર.આઈ. યુવકને લગ્ન માટે હા પાડવી જોઈએ જેથી ભવિષ્યમાં બનનાર ગંભીર બનાવમાંથી ઉગરી જવાય લગ્ન કરી વિદેશ જનાર યુવતીએ તમામ પ્રકારના પેપરવર્ક, દસ્તાવેજો પોતાના કબજામાં રાખવા જોઈએ અને પાસપોર્ટ તથા વિઝાની યુવકની તથા પોતાની નકલો પોતાના મા-બાપની પાસે સેફ જગ્યાએ ભારતમાં પણ રાખવી જોઈએ તથા વિદેશી સગાઓ સાથે ક્રોસવેરીફિકેશન કરવું જોઈએ જેથી સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવે.

ભારતીય એલચી કચેરીના, ભારતીય કલ્યાણ કચેરીના નામ, સરનામા, ફોન નંબર તથા અધિકારીનો સંપર્ક નંબર પોતાની પાસે તથા યુવતીના મા-બાપ પાસે અવશ્ય રાખવો જોઈએ જેથી કરીને ખાસ સંજોગોમાં આવશ્યકતા ઉભી થાય ત્યારે સંપર્ક કરી પોતાની દિકરીની દેખરેખ રાખી શકાય.

વિદેશના સ્થાનિક કાયદા પ્રમાણે ત્યાંનો વિમો પણ યુવતીએ ઉતારી લેવો જોઈએ આવા તમામ મહત્વના દસ્તાવેજો યુવક તથા તેના માતા-પિતાના ફેમીલીના યુવતીએ મેળવી રાખવા જોઈએ. યુવકને ખોટું લાગશે તો સગાઈ તોડી નાંખશે તેવા ભ્રામક વહેમમાં જીંદગી દો ઝંખના બનાવવી જોઈએ તેમજ યુવકની મીઠી મીઠી વાતોમાં ભ્રામક વાતોમાં ના આવતા વાસ્તવીકતા જાણવી ખુબ જ અગત્યની છે જેથી પાછળથી આકસ્મીક સંજોગો ના કારણે પોતે તથા પોતાના પરિવારને મુશ્કેલીમાં ના મુકાવું પડે તથા પોતાનો જીવ જોખમમાં ના મુકાય લગ્ન જીવનની પાયાની સલામતીનો પુરેપુરો ખ્યાલ રાખવો જોઈએ અને સંભવીત ઘટનાથી બચવું જોઈએ.

> આનો અર્થ એ નથી કે જે પણ એન.આર. આઈ. ભારતમાં લગ્ન કરવા આવે છે તે તમામ લોકો યુવતીઓ સાથે છેતરપીંડી કરવા જ આવે છે તેમ છતાં થોડી સતર્કતા અને જાગૃતતા તથા લોભ લાલચમાં મુકાયા સીવાય યુવકના તથા તેના પરિવારના વિદેશી સ્ટેટસની માહિતી જાણી યુવકને લગ્ન માટે હા પાડવી જોઈએ જેથી ભવિષ્યમાં બનનાર ગંભીર બનાવમાંથી ઉગરી જવાય

વિદેશમાં યુવકને બહુપત્નીત્વની સજા ફોજદારી કાયદા મુજબ જ થશે. હિન્દુ ધર્મમાં ભારતમાં કે વિદેશમાં બહુપત્નીત્વની પ્રથાએ ગુન્હો છે તથા છેતરપીંડી આચવાના ગુન્હામાં વ્યભિચારના ગુન્હામાં પણ સજા થઈ શકે છે સતર્કતા જ

અનુસંધાન પાના નં. ૭ પર

# જીવનમાં કંઈક પામવાની ઈચ્છાશક્તિ જાગે ત્યારે તેનું 'Price tag' ચોક્કસ તપાસી લેજો

*શિસ્તપૂર્વક ગ્રહણશીલ બની સતત સુધરતા રહેવાની શક્તિ સિવાય પ્રતિભા મોટે ભાગે બીજું કંઈ હોતી નથી.*
*- જયોર્જ ઈલિયટ*

આપણે ઘણા લોકોને એમ કહેતા સાંભળ્યા છે કે 'એને તો એક જ વારમાં બધું યાદ રહી જાય છે' અથવા 'એને બગાસું ખાતા પતાસું મળી જાય છે.' વગેરે. આ તમામ બાબતો જયારે કોઈ સફળ વ્યક્તિ તેની કારકિર્દીના સર્વોચ્ચ શિખરે રાચતો હોય તે સમયે આપણને દેખાતી હોય છે. પણ એક બાબત ચોક્કસપણે સ્વીકારવી જ પડે કે આ દુનિયામાં કશું જ પ્રયત્ન વિના કે કિંમત ચૂકવ્યા વિના મળી શકે જ નહિ. તમને લાગે કે કર્મસંજોગે અમુક વ્યક્તિ જન્મથી જ નસીબદાર હોય છે અને તેને પ્રયત્ન વિના જ બધું પ્રાપ્ત થઈ જાય છે ત્યારે તેને નજીકથી જોતાં અને સતત ઓબ્સર્વેશન કરતાં જણાશે કે તેને પણ આ નસીબદાર હોવાની કિંમત કોઈને કોઈ સ્વરૂપે ચૂકવવી જ પડે છે. અંગ્રેજીમાં એક પ્રખ્યાત કહેવત છે કે, **"There ain't such thing as a free lunch"**.

ઘર ચલાવતા માતાપિતા જયારે ઘરમાં કમાઈને વસ્તુઓ ખરીદે ત્યારે તેમાં ચૂકવાતી કિંમત રૂપિયા-પૈસા તો હોય જ પણ તેની સાથોસાથ બાળક સાથેના સમયનો ભોગ, પોતાના આરામ અને મોજશોખના સમયનો ભોગ અને સૌથી વધુ અગત્યની બાબત છે તેમના જીવનનો સર્વશ્રેષ્ઠ તબક્કો એવો યુવાનીનો ભોગ! એટલે તમે જયારે દુકાનમાંથી કોઈ વસ્તુ ખરીદો ત્યારે એ ખરીદવા માટે જે કિંમત આપી રહ્યા છો તે ખાસ યાદ રાખજો ! હસતા રમતા આનંદપૂર્વક જીવન પસાર કરવું એ જ દરેકના જીવનનું અંતિમ લક્ષ્ય હોવા છતાં કેટકેટલી દોડાદોડી અને ટેન્શન આપણે સૌ જાતે જ વ્હોરી લેતા હોઈએ છીએ. આજની આ ફાસ્ટ લાઈફમાં દરેકના જીવનમાં કોઈને કોઈ તકલીફ રહેલી જ હોય છે અને છતાં તેમાંથી બહાર આવવા પ્રયત્ન કરીને વ્યક્તિ પોતાની જાતને આગળ વધવા પ્રોત્સાહિત કર્યા કરે છે અને એવી વ્યક્તિઓ જ 'સફળ' વ્યક્તિ હોવાનું બિરુદ પ્રાપ્ત કરે છે. તેમણે પોતાને મળેલી સફળતા માટે ચૂકવાતી કિંમતને સહર્ષ સ્વીકારી લીધી હોય છે : દાદા ધર્માધિકારીએ 'પ્રબુદ્ધ જીવન'નામના પખવાડિકમાં ખૂબ સુંદર વાત ટાંકી છે :

પારિસના ફૂટપાથ પરના રેસ્ટોરામાં બેસી મધરાતે કૉફી પીવાની મજા અનેરી હોય. તેમાંયે એફિલ ટાવરની પેલી કોરના રેસ્ટોરાંમાં બેસો, તો જગતના ભાતીગળ લોક જોતા રહો ને ચિંતન કર્યા કરો. કોઈ અલગારી મજા મળે. બેઠો'તો ૧૯૭૪ના માર્ચમાં ત્યાં. ઓર્ડર આપ્યો વેઈટ્રેસને કોફીનો. પાસે ભાતીગળ લોકો હતા. બધા જ ઓળખ્યા વિના વાત કરતા બેસી જાય. ન નામ, ન ઠામ, ન રંગ, ન દેશ જુએ; 'માણસ' છો એટલે પૂરતું. જેને જિંદગીમાં પહેલી વાર જોયાં, ને પછી જોવાના નથી, તે વાતો કરે, ગીતો ગાય, ઘડી બે ઘડી બેસે ને પછી અલવિદા ! વિચારું છું, ત્યાં કૉફી આવી.

વેઈટ્રેસ અર્ધું અંગ્રેજી જાણે.
કૉફી જોડે કેક ને વેફર પણ હતાં.
મધરાતે કેક ખાવાની ઈચ્છા નહિ.
મેં કહ્યું : 'માત્ર કૉફી જોઈએ, કેક ન જોઈએ.'

વેઈટ્રેસ જોતી રહી. કહે, 'પણ એ તો એની સાથે જ હોય. કૉફીની સાથે હંમેશા કેક લેવાય.'

ભારે વાત કહી ગઈ. પારિસમાં બહેન બઠેલાં. સમજાવે મને કે એકલી કૉફી પીવાથી અલ્સર થાય, કેક લેવાથી નુકશાન ન થાય. પારિસમાં - અરે, આખા ફ્રાન્સમાં - યુરોપમાં સામાન્ય રિવાજ કૉફીનો ઑર્ડર આપો એટલે કૉફી જોડે કશુંક ખાદ્ય આપવાનો.



**WhatsApp ઑફ ધી વીક**
નેહલ ગઢવી

તે રાતે વિચાર મનમાં ઘોળાયા. પ્રવાસની ડાયરીમાં નોંધાયું : 'એ તો એની સાથે હોય જ.' હજી સુધી એ વાકય 'ઉપનિષદ'ની ઋચા જેવું લાગે છે.

એક જણે ગુલાબ ચૂંટતાં અસંતોષ વ્યક્ત કર્યો : 'આ કેવું ! આટલું સારું ફૂલ, ને તે છોડને કાંટા કેમ કર્યા ?' તો કો'કે ફરિયાદ કરી : 'નારિયેર આટલું સારું ફળ, પણ છોતરાં કેવાં કઠણ ?'

એના ઉત્તર રૂપે પડઘો પડે : 'એ તો એની સાથે હોય જ.'

જાહેરખબરમાં આવતા લોભામણા સુંદર ચહેરાઓ હોય કે ફિલ્મજગતની ખ્યાતનામ અભિનેત્રી દરેકે દરેક પોતાની સફળતા અને પ્રતિષ્ઠાની એક આકરી કિંમત ચૂકવતા હોય છે. ફાઈવ સ્ટાર અને સેવન સ્ટાર હોટલોમાં ઉતરવાં છતાં પોતાના ડાયેટ મુજબ જ ખાવું, કલાકોના કલાકો સુધી શુટિંગમાં વ્યસ્ત હોવા છતાં જિમમાં નિયમિતપણે જવું, સામાન્ય વ્યક્તિની જેમ મનગમતા મિત્ર સાથે કૉફી પીવા પણ ન જઈ શકવું આવી કેટલીય બાબતોનો ભોગ તેમણે આપવો પડતો હોય છે. બોર્ડમાં નંબર લાવનાર, કેટની પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થી હોય કે ક્રિકેટમાં રાજય કક્ષાએ કે રાષ્ટ્રીય કક્ષાએ પહોંચનાર ખેલાડી આ તમામેતમામ બાળકો કે યુવાનો તેમની સાથેના તમામની જેમ કલાકોના કલાકો મોબાઈલ લઈને બેસી રહેતા નથી અને પાર્કમાં અન્ય મિત્રો સાથે બેસીને સિગારેટના કશ પણ ફૂંકતા નથી. પોતાના જીવનનો અમુહ હિસ્સો જયારે આખેઆખો સમર્પિત કરવામાં આવે ત્યારે અંદરની પ્રતિભાશક્તિ ખીલી ઊઠે છે. તો આજ પછી જયારે પણ જીવનમાં કંઈક પામવાની ઈચ્છાશક્તિ જાગે ત્યારે તેનું **'Price tag'** ચોક્કસ તપાસી લેજો. સાથોસાથ પપ્પા કે પતિ જયારે તમારા હાથમાં મનગમતી વસ્તુ લાવીને મૂકે તો તેના માટે એમણે પૈસા ઉપરાંત બીજું શું-શું ગુમાવ્યું હશે એનો વિચાર ચોક્કસપણે કરી લેજો. કે જેથી તમને તેની ખરી કિંમતનો ખ્યાલ આવી શકે.

**Last Seen :**
''પ્રતિભા એટલે અથાગ ઉદ્યમ''
***Genius is infinete painstaking.***
**- Longfellow**

*- nehalgadhavi101@gmail.com*

# હાથનાં કર્યાં હૈયે વાગ્યાં : સંસદીય સચિવ મામલે ભાજપી તીર બૂમરેંગ થયાં

ગુજરાતમાં ભારતીય જનતા પક્ષની સરકાર માટે પોતાના ધારાસભ્યોને સંસદીય સચિવ નિયુક્ત કરીને રાજી કરવાની સત્તારૂઢ પક્ષની યોજનાને સર્વોચ્ચ અદાલતના ચુકાદા અને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના પગલાએ મૂંઝવણમાં મૂકી છે. કૉંગ્રેસના જાગતા ધારાશાસ્ત્રી એવા વિધાનસભામાં વિપક્ષના નેતા રહેલા શક્તિસિંહ ગોહિલ આ વખતની ચૂંટણી ભલે હાર્યા હોય, ગુજરાતની ભાજપ સરકારને હંફાવવાની દિશામાં એમણે વધુ એક ચાલ રમી છે. અગાઉ, રાજયસભાની ચૂંટણીમાં શક્તિસિંહના જાગૃત પ્રયાસોને કારણે જ કૉંગ્રેસના ઉમેદવાર અહેમદ પટેલ વિજયી બન્યા હતા. હવે એમણે ભાજપ થકી સંસદીય સચિવોના હોદ્દાઓની લહાણી કરીને પક્ષના આંતરિક અસંતોષને ઠારવાની મુખ્ય પ્રધાન વિજય રૂપાણીની યોજના પર પાણી ફેરવવાના વ્યૂહ તરીકે રાજયપાલ ઓ. પી. કોહલીને પત્ર લખીને પાણી પહેલાં પાળ બાંધી છે.

> - કેજરીવાલના સંસદીય સચિવોને ગેરબંધારણીય ઠરાવાતાં ગુજરાત સહિતનાં રાજ્યોમાં રાજકીય મુશ્કેલી
> - કૉંગ્રેસના મોવડીમંડળને ગુજરાતમાં સરકારને ગબડાવવા કરતાં ભીંસમાં મૂકવામાં વધુ રસ હોવાનું સ્પષ્ટ છે
> - સુપ્રીમ કોર્ટના ચુકાદાએ ધારો ઘડીને સંસદીય સચિવો નીમવા કે દંડકને સુવિધાઓ આપવાનું વિકટ બનાવ્યું
> - મોરવાહડફના ધારાસભ્યના આદિવાસી હોવાના વિવાદે બોગસ પ્રમાણપત્રો અંગે વધુ ભડાકાનાં એંધાણ આપ્યાં

ગુજરાતની વિધાનસભાના કુલ ૧૮૨ સભ્યોમાંથી ભાજપના માત્ર ૯૯ સભ્યો છે. વિપક્ષ કૉંગ્રેસ પાસે ૮૧ સભ્યોનું સંખ્યાબળ છે. અત્યાર લગી ૧૦ કૅબિનેટ કક્ષાના અને ૧૦ રાજ્યકક્ષાના એમાં કુલ મળીને ૨૦ પ્રધાનોની સરકારે શપથ લીધા છે. વાજપેયી યુગમાં કરવામાં આવેલા બંધારણીય સુધારા ૯૧ મુજબ, રાજ્ય કે કેન્દ્રમાં ધારાગૃહોની કુલ સભ્ય સંખ્યાના ૧૫ ટકાથી વધુને પ્રધાનમંડળમાં સામેલ કરી શકાય નહીં. ગુજરાતમાં ૧૮૨ સભ્યોની ધારાસભા હોવાથી માત્ર ૨૭ પ્રધાન બનાવી શકાય. અગાઉ રૂપાણી સરકારમાં ૯ કૅબિનેટ પ્રધાનો અને ૧૭ રાજ્યકક્ષાના પ્રધાનો ઉપરાંત ૧૦ સંસદીય સચિવ બનાવાયા હતા એટલેકે ૩૬ ધારાસભ્યોને રાજી કરવાનો અવસર મળ્યો હતો.. હવે સ્થિતિ બદલાઈ છેઃ આસામની કૉંગ્રેસ સરકાર થકી વર્ષ ૨૦૦૫માં નિયુક્ત કરવામાં આવેલા સંસદીય સચિવોની નિમણૂક અને એમની નિયુક્તિ અંગે રાજ્ય સરકારે કરાવેલા કાયદાને દેશની સર્વોચ્ચ અદાલતના ત્રણ ન્યાયાધીશો ચેલમેશ્વર, આર. કે. અગરવાલ અને અભય મનોહર સપ્રેએ, સઘળી પ્રક્રિયાને ક્ષતિયુક્ત જણાવીને, ગેરબંધારણીય જાહેર કર્યો છે. આવા સંજોગોમાં ગુજરાત સરકાર સંસદીય સચિવોની નિયુક્ત કરી શકે નહીં, એવો પત્ર રાજ્યપાલને તકેદારી રાખવાની વિનંતી સાથે શક્તિસિંહે લખ્યો છે. હકીકતમાં ગુજરાત અસ્તિત્વમાં આવ્યું ત્યારથી પ્રધાનોની જે કાનૂની વ્યાખ્યા કરવામાં આવી છે, તેમાં પ્રધાન, રાજ્યકક્ષાના પ્રધાન, નાયબ પ્રધાન અને સંસદીય સચિવનો પણ સમાવેશ છે. ભાજપ માટે સાપે છછૂંદર ગળ્યા જેવો તાલ થયો હોવાથી એનો સન્નિપાત વધ્યો છે. હજુ સરકાર પક્ષના મુખ્ય દંડક, નાયબ મુખ્ય દંડક અને દંડકને પ્રધાનો જેવી સગવડો આપે એ અંગે પણ કૉંગ્રેસ મુદ્દો ઊઠાવશે.આ વખતે કૉંગ્રેસના મોવડીમંડળે ગુજરાતમાં ભાજપના આંતરિક અસંતોષનો લાભ ઊઠાવીને સરકારને ગબડાવવાના પ્રયાસો નહીં કરવાના નિર્દેશ આપ્યા છે. જોકે, સરકારની ભીંસ વધારવા સક્રિય રહેવાનું જરૂર ફરમાવ્યું છે.

**"આપ"ના ૨૦ ધારાસભ્યો ગેરલાયક છતાં બહુમતી**

ભાજપની રાષ્ટ્રીય નેતાગીરીએ માથે રહીને દિલ્હી વિધાનસભામાં ૭૦માંથી ૬૭ બેઠકો સાથે ભવ્ય વિજય મેળવનાર અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીના જે ૨૧ ધારાસભ્યોને સંસદીય સચિવ (પાર્લામેન્ટરી સેક્રેટરી) બનાવાયા હતા, તેમાંના ૨૦ને ચૂંટણી પંચની ભલામણ મુજબ, નવનિર્વાચિત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા ગેરલાયક ઠરાવવાનો નિર્ણય કરાવ્યો છે. એક સંસદીય સચિવે અગાઉ રાજીનામું આપી દીધું હતું એટલે જે ૨૦ સંસદીય સચિવોએ નિમણૂક મેળવીને પ્રધાનોની જેમ આર્થિક લાભ મેળવ્યા કે અન્ય લાભ મેળવ્યા હોય તો એ સરકારી તિજોરીમાં જમા કરાવવાની ઝુંબેશ ભાજપ થકી આદરવામાં આવી હતી. સામે પક્ષે 'આપ'ની સરકાર અને એના મુખ્ય પ્રધાનનું કહેવું હતું કે એમના આ સંસદીય સચિવોએ કોઈ આર્થિક સહિતના લાભ મેળવ્યા નથી.જોકે, દિલ્હીમાં ભાજપની જે ભૂમિકા અપનાવવામાં આવી એ જ ભૂમિકા ગુજરાતમાં લઈને કૉંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલ જણાવે છે કે , ૨૬ જુલાઈ ૨૦૧૭ના સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત ચુકાદા પછી પણ ચાલુ રહેલા, ગુજરાતના દસ જેટલા સંસદીય સચિવોએ પગાર-ભથ્થાં, ગાડી,બંગલા સહિતની જે સુવિધા મેળવી હોય એની મેળવેલી થતી રકમ સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવે. જુલાઈમાં ચુકાદો આવ્યા પછી પાંચ મહિના માટે ભાજપ સરકારના આ સંસદીય સચિવો ચાલુ રહ્યા હતા. એ પછી વિધાનસભાની ચૂંટણી થઈ અને નવી સરકારે હજુ સંસદીય સચિવ નિયુક્ત કર્યા નથી. જોકે, શક્તિસિંહના પત્રથી ભાજપના પ્રદેશ અધ્યક્ષ જિતુ વાઘાણી છળી ઊઠ્યા હોય એવું લાગે છે. એમણે ગુજરાત સરકાર બંધારણ અને સર્વોચ્ચ અદાલતના ચુકાદાને સમજી વિચારીને યોગ્ય તે નિર્ણય લેશે એવું જણાવીને શક્તિસિંહની સલાહનો ખપ નહીં હોવાનું નિવેદન કર્યું છે.દિલ્હીમાં તો 'આપ'ના ૨૦ ધારાસભ્યો ગેરલાયક ઠર્યા છતાં એની બહુમતીને ઉની આંચ આવે તેમ નથી કારણ ૭૦ના સભાગૃહમાં તેના ૪૫ સભ્યો તો રહે જ છે.દિલ્હીમાં કૉંગ્રેસ અને ભાજપ એકસરખી ભૂમિકા લઈને કેજરીવાલને ઘેર બેસાડવાના વ્યૂહ ઘડે છે,પણ એ જ ભૂમિકા ગુજરાતમાં ભાજપ માટે મુશ્કેલી સર્જે તેમ છે.સંભવતઃ એટલેજ હારેલા પ્રધાન અને બનાસ ડેરીના અધ્યક્ષ શંકર ચૌધરીને ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના અધ્યક્ષ બનાવવાની છેલ્લી ઘડીએ માંડવાળ કરીને ભાજપના આયાતી અને હારેલા ઉમેદવાર રામસિંહ પરમારને અધ્યક્ષ અને પ્રધાનપદના આગ્રહી દાવેદાર ધારાસભ્ય જેઠા ભરવાડને ઉપાધ્યક્ષ બનાવવા પડ્યા છે. હજુ રાજ્યપ્રધાન પરસોત્તમ સોલંકી વટકેલા હોવાના સંકેત ૩૧ જાન્યુઆરીએ કૅબિનેટમાં ફરીને ગેરહાજર રહીને આપ્યા છે.ભાજપની અવસ્થા એક સાંધે ત્યાં તેર તૂટે તેવી છે.



**અતિતની આજ**
ડૉ. હરિ દેસાઈ

**ઈશાન ભારતમાં ૯૩ સંસદીય સચિવો ઘરભેગા**

સર્વોચ્ચ અદાલતના ચુકાદાએ બે બાબત સ્પષ્ટ કરી દીધી છે : સંસદીય સચિવની નિયુક્તિ કરી શકાય નહીં અને કરવામાં આવે તો વિધાનગૃહની સભ્યસંખ્યાના ૧૫ ટકાથી વધુ પ્રધાન, રાજ્ય પ્રધાન, નાયબ પ્રધાન અને સંસદીય સચિવની કુલ સંખ્યા હોઈ શકે નહીં. સંસદીય સભ્યોની નિમણૂકને મંજૂરી આપીને ઑફિસ ઑફ પ્રૉફિટમાંથી એમને બાકાત રાખીને નિયુક્તિ અંગેનો કોઈ કાયદો રાજ્ય સરકારો બનાવી શકે નહીં, એ પણ ચુકાદામાં સ્પષ્ટ કરી દેવાયું છે. સમગ્ર ભારતનાં વિવિધ રાજ્યોમાં અત્યાર લગી સર્વપક્ષી સરકારો મનસ્વી રીતે સંસદીય સચિવો નિયુક્ત કરીને રાજકીય અસંતોષ ઠારવા માટે તેમને પ્રધાનની જેમ તમામ સુવિધાઓ આપવાનું પસંદ કરતી હતી. હવે એના પર અંકુશ આવી જાય છે.ચુકાદાની સૌથી વધુ અસર ઈશાન ભારતનાં રાજ્યોમાં અને પક્ષાંતર કરીને ભાજપમાં ભળેલા ધારાસભ્યોમાંથી સંસદીય સચિવ બનેલા નેતાઓને થવી સ્વાભાવિક છે. અરુણાચલ પ્રદેશમાં મોટાપાયે કૉંગ્રેસમાંથી પક્ષાંતર કરીને કૉંગ્રેસી સરકારમાંથી ભાજપ સરકાર અસ્તિત્વમાં આવી છે. આસામમાં અગાઉની કૉંગ્રેસ સરકારમાં પ્રધાન અને સંસદીય સચિવ રહેલાઓમાંથી મોટાભાગના ભાજપમાં જોડાઈ ચૂંટણી લડીને સત્તામાં આવ્યા છે. જોકે, નવી ભાજપ સરકારે સંસદીય સચિવ તરીકે હજુ કોઈને નિયુક્ત કર્યા નથી. અરુણાચલમાં ૩૧ જણાને સંસદીય સચિવ બનાવાયા હતા. નાગાલેન્ડમાં ૨૬, મેઘાલયમાં ૧૭, મણિપુરમાં ૧૨ અને મિઝોરમમાં ૭ જણાને. બીજાં રાજ્યોમાં પણ સંસદીય સચિવો નિયુક્ત કરવાની પ્રણાલી રહી છે. મેઘાલયની વડી અદાલતે સંસદીય સચિવોની નિમણૂકને ગેરકાયદે ઠરાવી કે તમામ ૧૭ સંસદીય સચિવોએ

અનુસંધાન પાના નં. ૭ પર